## હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ




આ ત્રીજા મીનીસ્ટર છે જે આપણી છતનું ટપકતું પાણી જોઈ ગયા....!!!

# ઈન્દ્રોડા પાર્ક ખાતે નદી ઉત્સવ યોજાયો

**નદી ઉત્સવમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહભાગી બન્યા : મંત્રીશ્રીએ સર્વે સાથે નેચર વોક કરી પ્રકૃતિ અંગેની રસપ્રદ માહિતી મેળવી**

ગાંધીનગર, તા.૨૯

નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પર વિભાગ દ્વારા આજરોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત નદી ઉત્સવનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ઈન્દ્રોડા પાર્ક ગાંધીનગર ખાતે આયોજિત નદી ઉત્સવમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર સહભાગી બન્યા હતા. તેમણે નદી ઉત્સવ અંતર્ગત સર્વે સાથે નેચર વોક પણ કર્યું હતું.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં નદીને માતા કહેવામાં આવી છે. આજે પણ આપણી સંસ્કૃતિમાં નદીની પૂજા- અર્ચના કરવામાં આવે છે. દેશને આઝાદી પ્રાપ્ત થયેને ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર ભારતની સંસ્કૃતિ અને સિધ્ધિઓના ભવ્ય ઈતિહાસના





સ્મરણ અને ઉજવણી માટે ભારત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવનો આરંભ તા. ૧૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં તા. ૨૬ થી ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન નદી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ સાથે મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ નેચર વોક ઈન્દ્રોડા પાર્કમાં કર્યું હતું. તેમજ વનસ્પતિ તથા પ્રાણી સૃષ્ટિનું એક્ષીબીશન પણ નિહાળ્યું હતું. પર્યાવરણ – પ્રાણીઓ વિશેની રસપ્રદ માહિતી ગીર ફાઉન્ડેશનના તજજ્ઞો દ્વારા વોક દરમ્યાન આપવામાં આવતું હતું. સર્વે લોકોએ નદી સ્વચ્છ રાખવાનો સંકલ્પ લીધો હતો. સંત સરોવર ખાતે વિદ્યાર્થીઓ દ્વારા અને મહાનુભાવોએ ઈન્દ્રોડા પાર્કમાં વૃક્ષા રોપણ કર્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગુજરાતના ગ્રામ વિકાસ કમિશનરશ્રીએ આજે ગ્રામ વિકાસ યોજનાઓના અમલીકરણ માટે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપા દ્વારા નવા સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં આધાર નોંધણી તથા આધાર કાર્ડના સુધારા અંગે ૩જી જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમ્યાન ખાસ કેમ્પ કરશે.
- માણસામાં હવે આર.ટી.પી.સી.આર ટેસ્ટીંગની સુવિધા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ઉભી કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.
- દહેગામ તાલુકાના બિલામણા ગામના સરપંચ શૌચાલયના વિવાદમાં ફસાયાની વાતે આજે પંચાયત વર્તુળોમાં ચર્ચા જગાવી હતી.
- દહેગામના વડવાસા ગામના બોરકુવા પર ચાલતા વિદેશી દારૂના નેટવર્કનો પર્દાફાશ થયો છે.
- ગાંધીનગર ખાતે ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટ ૩૧મી ડિસે.ના રોજ કુડાસણમાં કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાશે.
- રાજયના મુખ્ય સચિવશ્રીએ આજે વિડીયો કોન્ફરન્સ કરી જિલ્લાના તંત્રો દ્વારા કોવિડ નિયંત્રણ તેમજ બાળકોના રસીકરણ માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપા વિસ્તારમાં ધન્વન્તરી રથો ૧લી જાન્યુઆરીથી વિવિધ વિસ્તારોમાં જશે.
- 'ચ' રોડ પર કરાયેલ વૃક્ષોના ટ્રીમીંગ પછી સફાઈ ના થતાં આ મહત્વના માર્ગ પર ગંદકી જોવા મળી રહી છે.

# આજે ગાંધીનગર ખાતે ગુજરાત સીડ કોંગ્રેસની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સ્ટેટ સીડ પ્રોડ્યુસર્સ એસોસીએશન યોજીત ગુજરાત સીડ કોંગ્રેસ-૨૦૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ માટેની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૧૨-૨૦૨૧ ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૭.૦૦ દરમ્યાન ગીફ્ટ સીટી ક્લબ, ગીફ્ટ સીટી, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે.

કોઈપણ ઉદ્યોગ ધંધાના વિકાસ માટે સમયાંતરીત થતાં પરિવર્તનો સાથે કદમ મિલાવવા અનિવાર્ય છે. આજના આ યુગમાં સતત બદલાતી અને અપડેટ થતી ટેકનોલોજી, સરકારશ્રીના કાયદાકીય પ્રાવધાનો, બદલાતી નીતિ અને નિયમો, ગ્રાહકોની માંગ અને બજારોની જરૂરિયાતો, બદલાતુ પર્યાવરણ વગેરે મુદ્દાઓ પરત્વેની જાગૃતિ દ્વારા જ સફળ બીઝનેસનું સંચાલન થઈ શકે અને પ્રગતિના સોપાનો સર કરી શકાય. રાજ્યની સીડ ઈન્ડસ્ટ્રીઝ આવા નવા નવા પરિવર્તનો સામે જાગૃત થાય, નવા જ્ઞાનની જાણકારી મળે, વિશ્વમાં થતાં ફેરફારો સાથે કદમ મિલાવી શકે તે માટે ગુજરાત સ્ટેટ સીડ પ્રોડ્યુસર્સ એસોસીએશન દ્વારા સમગ્ર રાજ્યની સીડ ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યકક્ષાના કૃષિ મંત્રી મુકેશ પટેલ, સચિવ કૃષિ મનીષ ભારદ્વાજ, વાઈસ ચાન્સેલરશ્રી આણંદ કૃષિ યુનિવર્સિટી, ખેતી નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રી, નિયામકશ્રી સીડ સર્ટીફીકેશન એજન્સી, એમડી ગુજરાત રાજ્ય બીજ નિગમ, નિયામકશ્રી આત્મા અને નિયામકશ્રી GOPCA હાજર હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ગર્ભસંસ્કાર લેનારી માતાઓને કરાયું ગોદડી વિતરણ



ગાંધીનગર, તા. ૨૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન કેન્દ્રમાં સગર્ભાવસ્થા દરમ્યાન તેજસ્વી બાળક માટે ગર્ભશિક્ષણ અને ગર્ભસંસ્કારનું જ્ઞાન મેળવનારી માતાઓ માટે માતૃસંમેલન નાતાલના દિવસે યોજવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહના હસ્તે માતાઓને ગર્ભશિક્ષણના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. ઉપરાંત ઉદગમ ટ્રસ્ટના સહયોગથી બાળકો માટેની સરસ મજાની ગોદડીનું વિતરણ પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના નિયામક ડૉ. રાકેશ પટેલ તથા ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટમાંથી ડૉ. મયૂરભાઈ જોષી, મનોજભાઈ જોષી, પારૂલબહેન મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં. તપોવનના કાઉન્સેલર રાજશ્રીબહેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસો. પ્રોફેસર ડૉ. હેમાંગીબહેન ડી. મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં માતાઓના પરિવારો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે માતાઓએ ગર્ભસંસ્કારની પ્રવૃત્તિને ઉત્તમ ગણાવીને ગર્ભવતી મહિલાઓને ગર્ભસંસ્કાર માટે તપોવન કેન્દ્રમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

# દહેગામ ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૯

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિભાગ અને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આજે દહેગામ ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી લોકસભાના સાસંદ શ્રી હસમુખભાઈ પટેલ અને રાજયસભાના સાસંદ શ્રી નરહરિ અમીનની ઉપસ્થિતમાં કરાઈ હતી. આ કાર્યક્રમ થકી આજે ગાંધીનગર જિલ્લાના ૩૬૦ લાભાર્થીઓને રૂપિયા ૪ કરોડથી વધુની રકમની સહાય ચુકવવામાં આવી હતી.



દીપ પ્રાગટય કરીને અમદાવાદ પૂર્વના લોકસભાના સંસદ સભ્ય શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, શાસનને સુશાસનમાં બદલવાનો ઉમદા પ્રયાસ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. સુશાસન એટલે સમાજનો સર્વાંગી વિકાસ થાય અને સમરસતા આવે. સમાજના ઉત્થાન કરવા શિક્ષણએ પાયો છે. એટલે જ આ સરકારના શાસનમાં કન્યા કેળવણીને પ્રધાન્ય આપવામાં આવ્યું છે. સમાજ શિક્ષિત બનશે તો અંધશ્રધ્ધા સાથે સાથે સમાજનો ઉત્થાન પણ થશે. દીકરીઓમાં શિક્ષણની માત્રા વધે તે માટે સરકાર દ્વારા અનેક શૈક્ષણિક સહાય અમલી બનાવી છે. તેમજ આ સરકારના શાસનમાં આરોગ્ય સેવાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધાબાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારનાં રુદ્રેશ્વર મહાદેવ પાસે ૨૯ લાભાર્થીને ધાબળા આપ્યા હતા તથા બાળકોને રમકડાં અને ગરમ કપડાં વિતરણ કર્યા હતા. ગોઢ ગામમાં જઈને લાભાર્થી સાથે વાર્તાલાપ કર્યો હતો તેમની સમસ્યા અને જરુરીયાત વિષે જાણકારી મેળવી હતી. આ સેવાકાર્યમાં મિલિન્દ ગુપ્તે, ડૉ. રાજુલ, ભીમજીભાઈ, વિપુલે ઉપસ્થિત રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### ગાંધીનગરમાં રૂ.૧૫.૨૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા

# ૧૪ બગીચાઓ અને નવીનીકરણ કરાયેલા બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ઈ-લોકાર્પણ






ગાંધીનગર, તા.૨૯

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર સંસદીય વિસ્તારના ગાંધીનગર મહાનગરપાલિકાના બગીચાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઈ-લોકાર્પણ તેમજ બાવળા નગરપાલિકા વિસ્તારના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેકટના ઈ-ખાતમૂહૂર્ત કરતા કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતિ નિમત્તે તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર સુશાસન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. સુશાસન એ સ્વરાજ સમયથી નાગરિકોની ઝંખના હતી. આઝાદી મળી ત્યારથી દેશને સ્વરાજ મળ્યું હતું પરંતુ સુરાજ નહીં. પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીએ સુરાજની વ્યાખ્યા કરી હતી. આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક આયામોમાં સુશાસનની કલ્પના દેશ સમક્ષ પ્રસ્તુત કરી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના સુશાસનનો પાયો આપણા સૌના પ્રેરણા સ્ત્રોત એવા સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીજીએ નાંખ્યો હતો. તેમના જન્મ દિને દેશભરમાં "ગુડ ગવર્નન્સ" દિનની ઉજવણી કરવામાં આવે છે. ગુડ ગવર્નન્સ એટલે સર્વ સમાવેશક વિકાસ સાથે સંકળાયેલું વહીવટી તંત્ર. દેશને સ્વરાજ્ય વર્ષ ૧૯૪૭માં મળ્યું પરંતુ સુરાજ્ય ગુડ ગવર્નન્સનું સ્વપ્ન અધૂરું જ રહ્યું હતું. સ્વ.શ્રી વાજપેયીજીએ તેમના શાસનકાળમાં સુશાસનનો પાયો નાખ્યો હતો. રાષ્ટ્રનિર્માણના તેમના સંકલ્પને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ બંનેની જોડી દેશભરમાં ગુડ ગવર્નન્સની ઉજવણી થકી વધુ સુદ્રઢતાથી સાકાર કરી રહ્યા છે.

પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત સુશાસન સપ્તાહની ઉજવણી અન્વયે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા આજે ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪ અને સેક્ટર-૨૯ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નવીનીકરણ તેમજ શહેરના કુલ ૧૪ બગીચાઓના ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર નજીક આવેલા રાયસણના સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના ૧૪ બગીચાઓ અને બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવીનીકરણ માટે મળી કુલ રૂ.૧૫.૨૨ કરોડના ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત બાવળા નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થનાર કુલ ૪૬૮ રહેણાંક એકમોના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ કેરિયર કાઉન્સીલિંગ પ્રોગ્રામ યોજાયો



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટમાં પિરામિડ ઓવર્સિસ એજ્યુકેશન કન્સલટન્સી દ્વારા સેમિનારનું આયોજન કર્યુ હતુ. આ સેમિનારમાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને બહારના દેશોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો તેમજ જોબ ઓપોચ્યુનિટી વિષે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તથા ડાયરેક્ટર રવિકુમારે સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર જિલ્લામાંથી વધુ ૩૬૩૬ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબી-૨ના પો. ઈન્સ. જે.એચ. સિંઘવના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. પી.ડી. વાઘેલાનાઓએ સ્ટાફના માણસોને આ દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા સારૂ સ્પષ્ટ દિશાનિર્દેશ આપેલ. જે અનુસંધાને એલ.સી.બી.-૨ ના અધિકારી-કર્મચારીઓ આ દિશામાં પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન હે.કો. સજ્જાદહુસેન સબ્બીરહુસેન તથા હે. કો. બેચરભાઈ ગેબાભાઈનાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે દહેગામ તાલુકાના નાંદોલ-સાણોદા રોડ ઉપર આવેલ બોર (ટ્યુબવેલ) ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી દરમ્યાન એક છોટા હાથી ગાડી નં. જીજે-૦૧-એક્સટી-૦૬૫૨ તથા એક સફેદ ટી.યુ.વી. ગાડી નં. જીજે-૨૭-એક્સ-૬૩૨૦ ની પકડી પાડી ઉપરોક્ત વાહનોના ચાલકો વિરૂદ્ધ દહેગામ પોલીસ સ્ટેશન ખાતે ગુ.૨.નં.-૧૧૨૧૬૦ ૦૫૨૧૦૮૫૦/૨૦૨૧ પ્રોહી કલમ-૬૫એઈ, ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

